ગાંધીનગર સમાચાર

તા. ૧૯-૮-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### નંદ મહોત્સવ : કૃષ્ણ ચેતનાનું સર્વાશ્લેષી પર્વ

કૃષ્ણ સર્વકાલીન યુગચેતનાના પ્રતીક પુરૂષ છે. એમને સોળે કળાએ વરેલી હોઈ એ જીવનનાં તમામ ક્ષેત્રોમાં મહાનાયકની ભૂમિકા ભજવી શક્યા છે. વૃષ્ણિવંશમાં વસુદેવ-દેવકીના પુત્ર તરીકે અવતરનાર આ યદુનંદને એ જ વંશનો પોતાની હયાતી દરમિયાન જ ખાત્મો બોલાવી દેવા સુધીનો 'રાજધર્મ' પણ બજાવી જાણ્યો છે. કૃષ્ણનો અર્થ જ થાય છે આકર્ષનારો. આ નંદનંદને ગોકુળની ગોપીઓથી લઈ દુર્વાસા જેવા દુરારાધ્ય ઋષિને એકસરખું ઘેલું લગાડ્યું હતું. પોતાના સમય પર એમનું સંપૂર્ણ નિયંત્રણ હતું. એ પોતે જ કાલ-સ્વરૂપ હતા. કાળીનાગને નાથી યમુનાના જળ પ્રદૂષણ મુક્ત કરનાર શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર વધી ગયેલા પાપનો ભાર ઉતારવા સ્વયં કાળનું રૂપ ધારણ કરે છે. અર્જુન એમના વિશ્વરૂપમાં દર્શન કર્યા પછી જ સત્યનો સાક્ષાત્કાર કરી શક્યો છે. 'કાલો હિ અયં લોકક્ષયકૃત પ્રવૃદ્ધઃ' - સર્જક સાથે વિનાશક - વિધ્વંસકની ભૂમિકા પણ એટલી જ સહજતાપૂર્વક નિભાવનાર દેવકીનંદન એક સાથે કેટકેટલા પાઠ ભજવે છે! નંદબાવા અને જશોદામૈયાના સવાઈ દીકરા તરીકે એ દૂધ દહીંનાં દાણ માગનારો ગોવિંદો-ગોકુળનો માખણચોર જનસાધારણનું સંગઠન રચીને ઈન્દ્ર સામે બાથોડિયા લે છે. ઈંદ્ર જેવા ઉચ્ચ વર્ણના - દેવોના રાજાની પારંપારિક પૂજા અટકાવી આ બાળગોપાળ એના ગોપબાળો સાથે ગોવર્ધનપૂજાની નવી પરિપાટી શરૂ કરાવે છે. ટૂંકમાં કૃષ્ણ આપણા આદિ લોકનાયક છે. રાજાને એ પ્રજાના કૌવતનો અહેસાસ કરાવીને જંપે છે. કંસ જેવા ક્રૂર શાસકનો અંત આણીને મથુરાને આઝાદી અપાવે છે, વળી કૌરવો સામે પાંડવોને જિતાડી મહાભારતના મહાનાયક પદે પ્રસ્થાપિત થાય છે. કુરૂક્ષેત્રની યુદ્ધભૂમિ પર શસ્ત્ર ઉગામ્યા વગર વિજય મેળવવાનો આ કૃષ્ણપ્રયોગ જ કદાચ ગાંધીની અહિંસાના સત્યના પ્રયોગોના નેપથ્યમાં છુપાયો હોય એમ પણ બને! શ્રીકૃષ્ણના શ્રીમુખે યુદ્ધભૂમિમાં જે ગીતાજ્ઞાન પ્રગટ્યું તે વિશ્વની સૌથી મૂલ્યવાન આધ્યાત્મિક સંપદા છે. ગાંધીજીએ ગીતાને ગુરૂપદે સ્થાપીને કહ્યું છે કે એવો એક પણ પ્રશ્ન નથી જેનો સમાધાનકારી ઉત્તર મને ગીતાજીમાંથી ન મળ્યો હોય. આવા સર્વકાલીન લોકનાયકને સમયના થર પર ઢાંકી શકતા નથી. ભગવાનના તમામ અવતારો પૈકી સૌથી વધારે લોકપ્રિય અને 'ઈઝિલી એક્સેસિબલ' ભગવાન કૃષ્ણ પાંચ હજાર વર્ષ પૂર્વે - મહાભારત કાળમાં હતા એટલા જ, બલકે એથી પણ વિશેષ આજની ક્ષણે પ્રસ્તુત છે. કૃષ્ણત્વનો મહિમા વરસોવરસ વધતો જ જવાનો છે. એમને પામવા માટે માનવી યુગો સુધી ઝઝૂરતો રહેશો. પરંતુ કૃષ્ણ કોઈ ધનકુબેરો કે જ્ઞાનીઓની અસ્કામત નથી, એ તો સર્વસુલભ છે. એમને નરસૈંયો, મીરાં અને ચૈતન્ય જેવા પ્રેમપિપાસુ ભક્તોનો સાદ સાંભળતાંની સાથે દોડી પડવાનું ગમે છે. દુર્યોધનનાં પકવાન ત્યજીને એ વિદુરની ભાજી આરોગવાનું પસંદ કરે છે. કૃષ્ણ ચેતનાનો આ ચિરંતન સંદેશ ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. બંગાળના અકિંચન પ્રભુપાદ સ્વામીએ એ સંદેશ દરિયા પારની અહિંદુ પ્રજામાં પ્રસરાવ્યો, 'ઈસ્કોન'નાં મંદિરો કૃષ્ણચેનતાનાં આંતરરાષ્ટ્રીય પ્રચાર કેન્દ્રો બની રહ્યાં. આપણે કૃષ્ણને દ્વારિકાધીશ તરીકે પૂજ્યા, પરંતુ ડાકોરનો ભકતો બોડાણો એમને ગાલ્લે ઘાલીને પોતાની ભોમકામાં લઈ આવ્યો! મહાપ્રભુજીએ પુષ્ટિ માર્ગની પરંપરા ઊભી કરી. સંપ્રદાયના વાઘા સજીને મહાલયો અને હવેલીઓમાં બિરાજેલા સુખિયાં લોકના ભગવાન કૃષ્ણ મરજાદી બની ગયા. એમને રાજા સ્વરૂપે ભોગ ધરાવવાની પરંપરા સ્વીકૃત થઈ ગઈ. પરંતુ કૃષ્ણ તે વળી કોઈની કેદમાં પુરાય ખરો? એ નિધુવનમાં આજે પણ ગોપીઓ સાથે રાસ રમે છે. આજે પણ એ ગોવાળિયાઓને જોઈને ઘેલો બની જાય છે. કૃષ્ણ એ કોઈ ધર્મવિશેષ કે પ્રજાવિશેષનો ઈજારો ન હોઈ શકે. નંદમહોત્સવનો અર્થ એ જ છે કે એ તળપદના જીવ માત્રના હૈયે આનંદ-ઉલ્લાસ પ્રેરવા જન્મે છે. અવતારકર્મ પૂરૂં થતા સામાન્ય પારધિના તીરનો શિકાર બનનાર કૃષ્ણ સદેહે ભલે મૃત્યુને વર્યા હોય પરંતુ એમનું અભયવચન સકળ સૃષ્ટિ માટે આશ્વાસન રૂપ છે : 'ધર્મ સંસ્થાપના કાજે હું યુગે યુગે અવતરું છું!' એ કૃષ્ણચેતનાને આપણે ક્ષણે ક્ષણે આપણી ભીતર-મનના વૃંદાવનમાં મહેસૂસ કરીએ! મથુરાથી મુંબઈ સુધી આ ગોવિંદાનું એકચક્રી રાજ ચાલતું હોય ત્યારે જરૂર એ કોઈ જુદી માટીનો જણ હશે, એટલી પ્રતીતિ તો થવાની જ!

# ગાંધીનગરમાં ૬૮માં સ્વાતંત્ર્યદિનની દબદબાભેર ઉજવણી

**● માઉન્ટ કાર્મેલ શાળા (સે.૨૧)**

સે. ૨૧માં આવેલ માઉન્ટ કાર્મેલ શાળામાં દેશના ૬૮માં સ્વાતંત્ર્યતતા





દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ધ્વજવંદનની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દેશભક્તિના ગીતો-નૃત્યો ઉપરાંત માતૃભૂમિ પ્રત્યે સાચી ભક્તિ પ્રગટ કરતી નાટિકા 'સ્વસ્થ નાગરિક સ્વાસ્થ ગુજરાત' રજૂ કરાઈ હતી. કાર્યક્રમના અંતે ગવર્નરનો રાજ્ય પુરસ્કાર પામેલા સ્કાઉટગાઈડના બાળકોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

**● સિધ્ધાર્થ લો-કોલેજ (સે. ૧૬)**

સે. ૧૬માં આવેલી સિધ્ધાર્થ લૉ-કોલેજમાં પણ સ્વાતંત્ર્યદિનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શૌર્યગીતો, દેશભક્તિના ગીતો, આઝાદીના સંગ્રામ વિશે વ્યક્તવ્યો તેમજ સ્ત્રી સશક્તિકરણ અંગે વિદ્યાર્થીનીઓની રજૂઆતો જેવા વિવિધ સાંસ્કૃતિક અને પ્રેરણાદાયી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ ઉજવણીમાં અધ્યાપકગણ, કર્મચારીગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**● વસંતકુંવરબા કન્યા વિદ્યાલય (સે.૨૮)**

સે. ૨૮ની વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં યોજાયેલ ૬૮માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં બાળકો દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ઉપરાંત અહીં વ્યક્તવ્ય સ્પર્ધા સહિત અનેક રંગારંગ કાર્યક્રમ પણ યોજાયા હતા. આ કાર્યક્રમમાં જેસીસ ક્લબના પ્રમુખ મિતાલીબેનના હસ્તે ત્રિરંગો ફરકાવીને બાળકોને ચોકલેટ આપી મોં મીઠું કરાયું હતું.

**● ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ (લેંકાવાડા)**

ગાંધીનગરના લેકાવાડા ખાતે આવેલ ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી હર્ષભેર કરાઈ હતી. જેમાં શાળાના ટ્રસ્ટીગણ સહિત કર્મચારીઓ, શિક્ષકગણ અને તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ આ કાર્યક્રમમાં આચાર્ય સહિત ટ્રસ્ટીગણે સ્વાતંત્ર્ય પર્વ'નું મહત્વ સમજાવ્યું હતું.

**● સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (ભાટ)**

ગાંધીનગર એરપોર્ટ રોડ પર આવેલ ભાટ ગામે સ્થિત સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં યોજાયેલ સ્વાતંત્ર્યદિવસની ઉજવણીમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. જી.પી. વડોદરીયા મુખ્ય મહેમાન પદે હાજર રહ્યા હતા. આ ઉપરાંત આ કાર્યક્રમમાં હરિવલ્લભ સ્વામી, રામપ્રકાશ સ્વામી અને અક્ષરપ્રકાશ સ્વામી જેવા સંતો સાથે ઈન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર ધર્મેશ વંડરા, રોહિત નાયાણી તેમજ ગાંધીનગર સમાચારના જયેશ પંચોલી ઉપસ્થિત રહ્યા હતા.

**● સે. ૧૭ વસાહત મંડળ**

સે. ૧૭ ની પ્રાથમિક શાળામાં વસાહત મંડળ દ્વારા સ્વાતંત્ર્યદિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વસાહત મંડળના પ્રમુખ રજુજી ગોલના હસ્તે ધ્વજવંદન કરાયું હતું અને આ પ્રસંગે શાળાના આચાર્યા અને શિક્ષકગણ સહિત વિદ્યાર્થીઓ અને સે. ૧૭ ના વસાહતી નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકોએ રાષ્ટ્રભક્તિના ગીતો તેમજ મનોરંજક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમ બાદ વસાહત મંડળ તરફથી બાળકોને બુંદી આપી મોં મીઠું કરાયું હતું.

**● મધુર ડેરી (સે. ૨૫)**

સે. ૨૫ની જીઆઈડીસીમાં આવેલ મધુર ડેરી ખાતે ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જે.પી.ઓઝા એન્ડ ગૃપ, પ્રફુલ્લભાઈ હિંગુ અને મધુર ડેરીના નિયામક મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દર્શનાબેન ભટ્ટ દ્વારા ભક્તિ સંગીત સાથે શિવતાંડવ નૃત્ય, પ્રફુલ્લભાઈ હિંગુ દ્વારા હાસ્યરસ અને જેપી. ઓઝા ગૃપ દ્વારા દેશભક્તિના કાર્યક્રમો રજુ કરાયા હતા.

**● ઓમ લેન્ડમાર્ક જુ. સાયન્સ કોલેજ (ચિલોડા)**

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડમાર્ક જુ. સાયન્સ કોલેજમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી પરંપરાગત રીતે કરાઈ હતી. આ ઉજવણીમાં કર્મચારીગણ સહિત વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

## હરિની દૃષ્ટિ...




**સાહેબ હું તો ગીતાજીમાં વાંચીને જન્માષ્ટમીની કૃષ્ણ ભગવાન, માટે જુગાર રમતો હતો, તેમાં કહ્યું છે, તું ગમે તે કર તે મને જ પહોંચશે...!!**

# રાજપૂત સમાજ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૮

શ્રી રાજપુત સમાજ ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા રાજપુત સમાજ સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે રાજપુત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સમાજના ભાઈ બહેનોને સન્માનવાનો કાર્યક્રમ શ્રી રાજપુત સમાજ ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાનોમાં મહેન્દ્રસિંહ વાઘેલા એમ.એલ. એ બાયડ, મહેન્દ્રસિંહ રાણા મેયર બળવંતસિંહ ચાવડા એડીશનલ કલેકટર તથા ગુણવંતસિંહ સોલંકી ડેપ્યુટી કલેકટર, શંકરસિંહ રાણા ચેરમેન મધુર ડેરી વિગેરે સમાજના તમામ આગેવાનોએ હાજર રહીને સમાજને શિક્ષણ, સંગઠન અને વિકાસ તેમજ ભાવિ કાર્યક્રમો માટેના વકતવ્ય આપેલ અને આ કાર્યક્રમમાં શહેર અને જિલ્લામાંથી ગામે ગામથી રાજપુત સમાજના પરિવારોએ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવેલ અને તેજસ્વી તારલાઓને સન્માનવાથી તેઓમાં અનેરો ઉત્સાહ અને આનંદની લાગણીથી સમાજ માટે ઉપયોગી થવા માટેની શીખ મેળવેલી તેમજ સમાજના બંને પ્રમુખશ્રી વિક્રમસિંહ ગોલ અને કરણસિંહ વાઘેલાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સહભાગીઓનો ખુબ ખુબ આભાર વ્યકત કરેલ છે.

## યુથ હોસ્ટેલ એસોસિએશન ટ્રેકીંગ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

યુથ હોસ્ટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા, ગાંધીનગર યુનિટ દ્વારા આગામી તા. ૨૩ અને ૨૪ ઓગસ્ટના રોજ આનંદપુર, ગ્રાસલેન્ડ ખાતે ટ્રેકીંગ કેમ્પનું આયોજન કર્યું છે. આ કેમ્પમાં જંગલ ટ્રેઈલ, ગ્રાસલેન્ડ ઈકોલોજી વિશે જાણકારી, બર્ડ વોચીંગ, કેમ્પ ફાયર જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક યુવકોએ ૯૪૨૬૪ ૦૧૭૦૧ અને ૯૮૯૮૫૯૦૯૭૫ પર સંપર્ક કરવો.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં નેશનલ પીપલ્સ પાર્ટીએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧

૨. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં પટાલી મક્કાલ કાચીએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧

૩. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રીય જનતાદળે કેટલી બેઠક જીતી હતી ?
➔ ૪

૪. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં રિવોલ્યુશનરી સોશિયલીસ્ટ પાર્ટીએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧

૫. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૫

૬. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં શિરોમણી અકાલી દળે કેટલી બેઠક જીતી હતી ?
➔ ૪

૭. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં શિવસેનાએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧૮

૮. ૨૦૧૪ સોળમી લોકસભાની સિક્કમ ડેમોક્રેટિક ફ્રન્ટે કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧

૯. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં તેલંગાણા રાષ્ટ્રીય સમિતિએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧૧

૧૦. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં તેલુગુ દેશમ પાર્ટીએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧૬

૧૧. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઓલ ઈન્ડિયા મજલીસએ ઈતેહાદુલ મુસ્લિમમીન પાર્ટી કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧

૧૨. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં અપના દળે કેટલી બેઠક જીતી હતી ?
➔ ૨

૧૩. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૩

૧૪. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં સ્વભિમાની પક્ષે કેટલી બેઠક જીતી હતી ?
➔ ૧

૧૫. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં YSR કોંગ્રેસ પાર્ટીએ કેટલી બેઠક જીતી હતી ?
➔ ૯

૧૬. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ઈન્ડિપેન્ડેટ પક્ષે કેટલી બેઠક જીતી હતી ?
➔ ૩

૧૭. ૨૦૧૪ સોળમી લોકસભાની ચૂંટણીમાં ભાજપ પક્ષે ગુજરાતમાં કુલ કેટલી બેઠકો જીતી હતી ?
➔ ૨૬

૧૮. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં કયાં આંતરરાષ્ટ્રીય સંગઠનના વડાઓએ હાજરી આપી હતી ?
➔ **શાર્ક સંગઠન**

૧૯. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં પાકિસ્તાનના કયા વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા હતા ?
➔ **નવાજ શરીફ**

૨૦. ૨૦૧૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપથગ્રહણ સમારોહમાં નેપાળના કયા વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા હતા ?
➔ **સુશીલ કુમાર કોઈરાલા**

# સ્વતંત્રતાના આ પર્વ નિમિત્તે જયારે આપણે આ સ્વતંત્રતાનું મૂલ્ય સમજી શકીશું ત્યારે જ ખરા અર્થમાં તેને માણી શકીશું

ઓગસ્ટ મહિનો અને શ્રાવણનો સુયોગ આ દેશના ખૂણે-ખૂણે વસતા ભારતીયોના મનમાં કેટલીક વિશેષ સંવેદનાઓ પ્રગટાવે છે. માત્ર દેશમાં વસતા ભારતીયો જ નહિ પરંતુ, દેશ છોડીને દૂરસૂદુર વસતા ભારતીયોનાં મનમાં પણ શ્રાવણ અને ઓગષ્ટનો સુયોગ કેટલીક વિશેષ લાગણીઓ પ્રગટાવે છે. યોગેશ્વર કૃષ્ણ તરફથી ભક્તિ અને માતૃભૂમિ તરફથી રાષ્ટ્રભક્તિના ભાવો આ મહિનામાં જ વધુ જાગૃત બને છે. ગુજરાતીઓને વીર વિનોદ કિનારીવાલાની અને મહાવીર મહાદેવ દેસાઈની સ્મૃતિ તાજી થાય છે. ભલાભોળા પણ વિશાળ જનસમુદાયને મુરલીધર કૃષ્ણની યાદ આવે છે. ૧૫મી ઓગસ્ટ એટલે કે દેશની મુક્તનો દિવસ એ તો સુવર્ણ શિખર સમાન છે.

મેઘાણીભાઈએ લલકાર્યું.

તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી શી વત્સલતા ભરી!
મરદાં મસાણેથી જાગતાં - એવી શબ્દમાં શી સુધા ભરી!

મુક્તિ તો મળી પરંતુ, જગતે જેને રસ્તો જોયાં નહતાં તેવા માર્ગે અને નૂતન પદ્ધતિએ વિદેશી શાસકોને ખદેડવાનું કાર્ય થયું. આ સિદ્ધિને જગતનો ઈતિહાસ પણ અસામાન્ય ગણાવે છે. જગતભરના વિચારકો અને ચિંતકોને પણ સત્યાગ્રહની નવી તરાહનું જાણે કે **domenstration** જોવા મળ્યું. કવિ પ્રદિપજીને તેમાં સાબરમતીનાં સંતની કમાલનું દર્શન થયું.

દે દી હમેં આઝાદી બિન ખડગ બિના ઢાલ
સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ
આંધી મેં ભી જલતી રહી ગાંધી તેરી મશાલ
સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ...

ઘણી કાવ્યરચનાઓ થોડા વર્ષોમાં જ વીસરાઈ જતી હોય છે. થોડા સમય પહેલાં એક ગીત ખૂબ સાંભળવાનું આવતું હતું. આ ગીતની ઘણી - બધી ચર્ચાઓ સમૂહ માધ્યમોમાં પણ થતી હતી.

**Yo boys I am singing song**
**Soup song.. Flop song...**
**Way this Kolaveri kolaveri kolaveri di**

લોકો કહેતા, માનતા અને મનાવતા હતા કે આ ગીતની લોકપ્રિયતાએ તમામ રેકોર્ડ્સ બ્રેક કર્યા. એમ કદાચ હોય પણ ખરું! પરંતુ, આજકાલ આ ગીત ઓછું સાંભળવા ળે છે તેમ નથી લાગતું! જયારે બીજી તરફ દેશ ભાવનાને જાગૃત કરતી કેટલીક સુંદર રચનાઓ સદાકાળ યુવા જ રહ્યા કરે ઓછે એવું નથી લાગતું? ઝવેરચંદ મેઘાણીની આ રચનાની લોકપ્રિયતા આજે પણ એવીને એવી જ જળવાઈ રહી છે...

દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેંક્યો કસુંબીનો રંગ
રાજ મને રાગ્યો કસુંબીનો રંગ.

આ તમામ રચનાઓ કોઈ પણ ઉંમરના કોઈ પણ તબક્કે હરહંમેશ આપણા માટે મનભાવન અને મનપસંદ રહી છે.

સ્વતંત્રતાના આ પર્વ નિમિત્તે જયારે આપણે આ સ્વતંત્રતાનું મૂલ્ય સમજી શકીશું ત્યારે જ ખરા અર્થમાં તેને માણી શકીશું; જો સ્વતંત્રતાનો અર્થ એવો હોય કે જેને જેમ ફાવે તેમ તે કરે, તો બીજી કોઈ પણ મુલકના કરતાં આપણા દેશમાં એવી સ્વતંત્રતા કેટલીય વધારે જોવા મળશે! આપણી મરજી ફાવે ત્યાં ગંદકી કરીને આપણે જગ્યા બગાડી શકીએ છીએ. આપણાં બાળકોને અભણ રાખવાની સ્વતંત્રતા પણ આપણને કયાં નથી? ખરું જોવા જઈએ તો, આત્મસંયમ વિના સાચી સ્વતંત્રતા મળી શકે જ નહીં. સ્વતંત્રતા આત્મસંયમથી પોષાય છે અને વધે પણ છે. આચાર્ય જીવતરામ કૃપલાની લખે છે કે,

## વિચારસભા
## મુક્તિનાં મીઠાં ગાન
નેહલ જયદીપ ગઢવી

''ગાંધીજી સૌથી વધારે સ્વતંત્ર અને સૌથી વધારે આત્મસંયમી પુરૂષ છે. તેમને આપણને અન્યાયની સામે બંડ કરતાં શીખવ્યું, અને આત્મસંયમ રાખવાનું પણ શીખવ્યું. પણ એમનો પહેલો પાઠ સહેલો હોવાથી તે આપણે ઝટ શીખી ગયા; બીજો પાઠ શીખવાની આપણે પરવા નથી રાખી.'' આ પાઠ શીખવવા માટે આપણે કંઈક નક્કર કદમ ઉઠાવવા જ પડશે. માટે જ 'ઉશનસ્' કહે છે કે,

કો'ક જણે તો કરવું પડશે, ભાઈ!
એક જણે તો કરવું પડશે, ભાઈ!
કશુંયે ના કરવાની કેવી તામસ આ હરીફાઈ! - કો'ક...

વજુભાઈ શાહ મહાદેવભાઈ દેસાઈ વિષે લખે છે કે, 'ખુદ અંગ્રેજોને પણ મુગ્ધ કરાવે એવું ઉત્તમ અંગ્રેજી જાણનાર મહાદેવભાઈ ગુજરાતી ઉપરાંત સંસ્કૃત, મરાઠી બંગાળી, હિંદી અને ઉર્દૂ ભાષાઓ પણ સારી રીતે જાણતાં હતા. સાહિત્ય પ્રત્યેની આટલી ઉત્કટ અભીરૂચિ છતાંય તેમણે સાહિત્યને પોતાના ઈષ્ટ દેવતાને સ્થાને બેસાડયું નહોતું. સત્યની - સ્વરાજની સાધનારૂપે જેની જરૂર ન હોય એ વસ્તુ ગમે તેટલી આકર્ષક હોય તોય એમણે ત્યાજય ગણેલી. કોઈ પુસ્તક, કાવ્ય કે વિચાર તેમની પાસે આવે એટલે, તેના રસ અને આનંદમાં બીજા અનેક જણ ભાગીદાર બનવાના જ. તે જ રીતે ગાંધીજીને જેમાંથી પ્રેરણા મળી છે તે થોરોના કોન્કોર્ડ શહેરમાં સવિનય કાનૂનભંગ થયો. પહેલો સવિનય કાનૂનભંગ થોરોએ કર્યો. એ થોરો જુલમાં પુરાયા ત્યારે દીલાલની સામે જોઈને તેમને કહ્યું : 'હું તો કેદની અંદર દીવાલની આ બાજુ પણ મુક્ત છું. પણ દીવાલની પેલી બાજુ જે લોકો છે તે બધા બંધનમાં છે.' ખરેખર તો આપણો દૃષ્ટિકોણ સ્પષ્ટ હોવો જોઈએ! આપણે જુગાર રમવો છે કે નહિ, ગુનાખોરી કે વાસનાને ઉત્તેજતી ફિલ્મો આપણે જોવી છે કે નહીં, એ જાતની ઉશ્કેરણી કરતાં છાપાં વાંચવા કે નહિ, એવા બધાં જ નિર્ણયો આપણે જાતે પુરો વિચારો કરીને જ લઈએ, એ જ ઉત્તમ છે.

આપણા દેશની વિશેષતા છે તેનો સમૃદ્ધ આધ્યાત્મ વારસો. પ્રચાર અને પ્રસારના આધુનિક ઉપકરણોથી સજ્જ આજના આ આધુનિક યુગમાં આપણે આપણી આ આધ્યાત્મિક શક્તિઓનો વ્યાપ દેશ-વિદેશમાં વસતાં ભારતીયો સુધી પણ વિસ્તારી શકીએ. પરંતુ, સૌ પ્રથમ આપણે આપણા આ અમૂલ્ય વારસાને લુપ્ત થતો અટકાવવો પડશે! આપણા શુદ્ધ અને સાત્ત્વિક વિચારોની સુવાસ સરહદ ઓળંગીને વિશ્વમાં ફેલાશે ત્યારે ભારત ચોક્કસપણે પોતાની એક અલગ ઓળખ પામી શકશે. તો આવો, સૌ સાથે મળીને આ દિશામાં કાર્યરત બનીએ અને સુવર્ણ ભારતને પુનઃપ્રસ્થાપિત કરીએ!

''અયિ! કૂદતો કંઈ આવજે!
ભરસિંદુને ઉછળાવજે!
જળપૂરમાં, ખૂબ શૂરમાં
નદી કે ઝરા દોડાવજે!
આ દેશનું વીરત્વ મંદ પડી ગયું,
અડ્યું તેજ, કાળપ્રહાર સહી જ રડી રહ્યું;
તેને જગાવી મંત્ર ફૂંકી ઊર્મિઓ ઉકળાવજે!
ઓ મેઘ! કર કર વૃદ્ધિ,
હર હર વીરહાક પડાવજે;

- અરદેશર ખબરદાર